**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૧.૦ ડીગ્રી
લઘુતમ : ૨૭.૨ ડીગ્રી
ભેજ
સવારે ૮૧ ટકા ● સાંજે ૮૬ ટકા

# ગોકુળપુરામાં પીવાના પાણીમાં ગટરનું પાણી મિક્સ થવાની રાવ

## આમ આદમી પાર્ટીના વોર્ડ નં.૬ના ઉમેદવારો દ્વારા મ્યુ.કમિશનરને આવેદન પત્ર : રોગચાળો ફેલાય તે પહેલા પાણીના સેમ્પલ લઈને ટેસ્ટ કરાવવા માંગ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર મનપાના સમાવિષ્ટ સેક્ટર-૧૪ના ગોકુળપુરા વિસ્તારમાં પીવાનું પાણી અને ગટરનું પાણી મિક્સ થવાથી દુર્ગંધયુક્ત ફીણવાળું પાણી આવે છે તેથી રોગચાળો ફેલાવાની શક્યતા હોવાથી તાત્કાલિક ધોરણે પગલાં લેવા આમ આદમી પાર્ટીના વોર્ડ નં.૬ના ઉમેદવારો દ્વારા મ્યુનિસિપલ કમિશનરને રૂબરૂ મળીને રજુઆત કરવા સાથે આવેદનપત્ર આપવામાં આવ્યું છે.

આપ દ્વારા આપવામાં આવેલા આવેદનપત્રમાં રજુઆત કરવામાં આવી છે કે ગાંધીનગર મહાનગર પાલિકાના વૉર્ડ નંબર-૬ માં સમાવિષ્ટ સેક્ટર-૧૪ ગોકુલપુરામાં છેલ્લા કેટલાક સમયથી પીવાનું પાણી ડહોળું આવતું હતું અને હવે છેલ્લાં ત્રણ-ચાર દિવસથી તો



પીવાનું પાણી અને ગટરનું પાણી મિક્સ થઈને આવે છે સાબુવાળું તેમજ ફીણવાળું પાણી આવે છે જેનાથી ગોકુળપુરા વસાહતમાં ભયંકર રોગચાળો ફેલાવાની શક્યતા છે. હમણાં થોડા દિવસ પહેલા કલોલમાં જે રીતે રોગચાળો ફાટ્યો એ રીતે ગોકુળપુરામાં પણ રોગચાળો ના ફેલાય, કોલેરા જેવી ગંભીર બિમારી ના ફેલાય તે માટે આપ પાર્ટીના વોર્ડ નં.૬ના ઉમેદવારોએ રૂબરૂ મ્યુ. કમિશનરને મળીને રજુઆત કરવા સાથે લેખિત આવેદનપત્ર આપીને આ સમસ્યા નિવારવા તાત્કાલિક ધોરણે પગલાં લેવા વિનંતી કરાવવામાં આવી છે. આ સાથે તેમણે ગોકુળપુરા વિસ્તારમાંથી અલગ અલગ જગ્યાએથી આવતા પાણીના સેમ્પલ લઈને તેનો ટેસ્ટ કરાવવા માંગ કરી છે જેથી રોગચાળો ફેલાવાની શક્યતાને નિવારી શકાય તે માટે અને ગોકુળપુરામાં પાણીનો ફોર્સ પણ ઓછો આવે છે તે અંગે પણ ઘટતું કરવા વિનંતી કરી છે. મ્યુનિસિપલ કમિશનરને મળવા આપના ઉમેદવારો ભૂમિબેન રઘુભાઈ રબારી, તુષારભાઈ પરીખ, નગીનભાઈ નાડીયા સહિત અન્ય હોદ્દેદારોએ ઉપસ્થિત રહી રજુઆત કરી હતી.

# જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા રાજયવ્યાપી ઓનલાઈન રોજગાર ભરતી મેળો યોજાશે

ગાંધીનગર, તા.૨૦

રોજગારવાંન્છું યુવાનો વિવિધ રોજગારીની તકોથી વંચિત ન રહે તથા નોકરીદાતાઓને રોજગાર કચેરી દ્વારા સતત કુશળ માનવબળ પ્રાપ્ત થઈ શકે તે હેતુસર વર્ચ્યુઅલ એટલે કે ઓનલાઈન "રાજયવ્યાપી" રોજગાર ભરતીમેળા અંગે જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર દ્વારા આગામી સમયમાં આયોજન થનાર છે.

આથી ગાંધીનગર જિલ્લાના ઉમેદવારોના રજિસ્ટ્રેશન માટે **rb.gy/xbqe44** લિંક બનાવવામાં આવી છે, જેમાં રોજગારવાંન્છું યુવાઓ મોટા પ્રમાણમાં રજિસ્ટ્રેશન કરી, ઓનલાઈન રોજગાર ભરતીમેળાના લાભ લઈ શકશે. ઓનલાઈન રોજગાર ભરતીમેળામાં કોઈપણ ઉમેદવારોએ રૂબરૂ મુલાકાત લેવાની રહેશે નહિ. વધુ માહિતી મેળવવા માટે હેલ્પલાઈન નંબર – ૬૩૫૭૩૯૦૩૯૦ પર સંપર્ક કરવા રોજગાર અધિકારી, ગાંધીનગરે જણાવ્યું છે.

# જૈન સોશિયલ ગૃપના સંગીની ફોરમનો શપથવિધિ સમારોહ યોજાયો






ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરના જૈન સોશિયલ ગૃપ સાથે સંલગ્ન સંગીની ફોરમનો શપથવિધિ સમારોહ તાજેતરમાં ફુરાત બૅંક્વેટ ખાતે યોજાયો હતો જેમાં નવનિયુક્ત પ્રેસિડેન્ટ ભાવિના શાહ તથા તેમની ટીમની શપથવિધિ કરાવવામાં આવી હતી.

કાર્યક્રમના પ્રારંભે પૂર્વ પ્રમુખ જાગૃતીબેન સંઘવી દ્વારા તેમના કાર્યકાળનો ટૂંકો અહેવાલ આપ્યાં બાદ જેએસજીઆઈએફના ગુજરાત રિજિયનના વાઈસ ચેરમેન અરવિંદભાઈ શાહે હળવી શૈલીમાં શપથવિધિ સંપન્ન કરાવી હતી. આ પ્રસંગે સંગીની ફોરમના ગુજરાત રિજીયનના કોઑર્ડીનેટર અને ફાઉન્ડર પ્રેસિડન્ટ નીતિકાબેન શાહ, જેએસજીના ગુજરાત રિજીયન ઝોન કૉઓર્ડીનેટર હિતેશભાઈ કોઠારી, જેએસજી ગાંધીનગરના ફોર્મર પ્રેસીડન્ટ રમેશભાઈ ગાંધી, પારસભાઈ સંઘવી, હાલના પ્રેસિડન્ટ કૌશિકભાઈ શાહ, વાઈસ પ્રેસિડેન્ટ ભરતભાઈ કોટડીયા, હીતેન્દ્રભાઈ શાહ, સેક્રેટરી જાગૃતીબેન લાખાણી વગેરે ઉપસ્થિત રહ્યાં હતા. વીણાબેન વોરાએ પ્રોગ્રામનુ સંચાલન અને તટસ્થ નિર્ણાયકની કામગીરી સંભાળી હતી. સંગીની બહેનોએ રેટ્રો ફેશન વોકમાં ઉત્સાહથી ભાગ લીધો હતો. નવનિયુક્ત સેક્રેટરી સોનલબેન શાહે આભાર વિધિ કરી હતી.



આમ આદમી પાર્ટી ગાંધીનગરથી મનપાના ઉમેદવાર જય નવુજી વાઘેલા અને પૃથ્વીરાજસિંહ જીતેન્દ્રસિંહ વાઘેલા (ગાંધીનગર શહેર) યુવા પ્રમુખ રજત શર્મા અને કાર્ય કરતા દ્વારા પેથાપુર ગામ ડેલુ વિસ્તારમાં વિરાજ એપાર્ટમેન્ટમાં રહેતા રહીશો અને આગેવાન અલ્પેશભાઈ ( પ્રમુખ ) દ્વારા વૃક્ષા રોપણ કરી પેથાપુર ગામને ગ્રીન વિલેજનો દરજ્જો મળે તેવા પ્રયત્નો સાથે કામનો પ્રારંભ કરાયો હતો.

# શહેરના માર્ગો પર ખુલ્લી ગટરોના ઢાંકણાથી અકસ્માતનો ભય

ગાંધીનગર, તા.૨૦

શહેરમાં ચાર છાંટા પડે અને માર્ગો ઉપર વરસાદી પાણી ભરાઈ જાય છે. જેનાથી ત્રાસીને નાગરિકો વરસાદી પાણીના નિકાલ માટે ગટરના ઢાંકણા ખોલવાનું શરૂ કરી દે છે. પરંતુ વરસાદી પાણીમાં માટી સહિતનો કચરો હોય છે. જેથી લાઈન ચોક થઈ જાય છે. એ ઉરાંત ગટરના પાણીના વહનની લાઈનની ક્ષમતાથી વધુ વેગ આવે છે. જેથી પાણી બેક મારે છે. એ પણ એક હકીકત છે. કયારેક કયાંક ગટરના ઢાંકણા ખુલ્લા મુકી દેવાથી રાહદારીઓ અને વાહન ચાલકો પડી જવાથી અકસ્માતનો પણ ભય રહે છે. જે બાબતે શહેરીજનોએ સિવિલ સેન્સ બતાવવું જરૂરી છે. પરંતુ ચોમાસા સિવાયની ઋતુમાં વાહનોના ભારથી ગટરના ઢાંકણા તૂટી જાય છે. જેથી અકસ્માતો સર્જાયા છે જેના અહેવાલો અખબારોમાં અવારનવાર છપાય છે પરંતુ નગરપાલિકાની આંખ ઉઘડતી નથી. ચોમાસામાં લોકોના પગ ખુલ્લી ગટરોમાં પડતાં હાડકાં ભાંગવાની ઘટનાઓ બને તો નવાઈ નહીં! ઉપરાંત નગરમાં જયાં ત્યાં ગંદકીના ઢગ ખડકાયા હોવાથી રોગચાળો ફેલાવાની ભીતિ પ્રવર્તી શકે છે. ઠેકઠેકાણે ગટરની કૂંડીઓની જાળીઓ તથા ગટરનાં ઢાંકણા ઘણાં લાંબા સમયથી તૂટી ગયા છે. જેના કારણે વૃધ્ધો, બાળકો તથા મહિલાઓને ખુલ્લી ગટરોમાં પડી જવાનો ભય રહે છે. પાલિકાના સત્તાધીશો રાજકીય હુંસાતુંસી બાજુએ મુકી પ્રજાનાં આ પ્રશ્નોની રજૂઆત



પ્રત્યે ધ્યાન આપી સત્વરે ઉકેલ લાવે તે જરૂરી છે. ગટરલાઈનની કામગીરી અમુક જગ્યાએ પૂરી કર્યા પછી તેના પર ઢાંકી દેવાની કામગીરી અધુરી છોડી દેતા કયારેક તે ગટરમાં અકસ્માત થવાનો સંભવ રહેલો છે. ઢાંકણા વગરની ભૂગર્ભ ગટરો મોતના કૂવા જેવી છે. ચોમાસામાં વરસાદ સમયે ખુલ્લી ગટર ન દેખાય તો રાહદારી કે વાહનચાલકો તેમાં પડશે તો જવાબદાર કોણ? શહેરનાં ઘણા વિસ્તારોમાં આ રીતે ખુલ્લી ગટરના ઢાંકણા વગર ખુલ્લી ગટરો જોવા મળે છે. તંત્રવાહકોની આ ઘોર બેદરકારી શહેરીજનોમાં ચર્ચાનો વિષય બની છે. નગરપાલિકા તંત્ર વધારે વરસાદ આવે તે પહેલાં ઢાંકણા મુકાવે નહીંતર ગંભીર અકસ્માતો થવાની શકયતા છે. ડ્રેનેજ વિભાગે પણ આ અંગે નોંધ લેવી જોઈએ. લાખોના ધુમાડા બાદ પણ કેટલાંક દશ્યો પાલિકા તંત્રની કામગીરી સામે સવાલ ઉભો જરુર કરે છે. અમુક જગ્યાએ ઢાંકણા રોડના લેવલથી નીચે અથવા ઉપર લગાવેલ હોવાથી પણ અકસ્માતનો ભય રહે છે. જેથી સમસ્યાના યોગ્ય નિવારણ માટે તાત્કાલિક પગલાં ભરવા જોઈએ.

# ગુજરાત સચિવાલય ફેડરેશનના હોદ્દેદારોની નિમણુંક કરાઈ





ગાંધીનગર ખાતે ધી ગુજરાત સચિવાલય ફેડરેશન સંલગ્ન આઠ એસોસિએશની તા. ૧૪મી જુલાઈના રોજ યોજાયેલી બેઠકમાં ફેડરેશનના વર્ષ ૨૦૨૧-૨૪ માટેના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. આ વરણીમાં ફેડરેશનના પ્રમુખ પદે ધી ગુજરાત સચિવાલય સેકશન અધિકારી એસોસિએશનના જયેશકુમાર રાવલની પ્રમખ પદે અને ધી ગુજરાત સચિવાલય સ્ટાફ એસોસિએશનના મહેશસિંહ વાઘેલાની મહામંત્રી પદે સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી નવનિયુકત પ્રમુખ જયેશકુમારે અખબારી યાદીમાં જણાવ્યું હતું કે ચાલુ વર્ષથી ગુજરાત જાહેર સેવા આયોગ મંડળ પણ ફેડરેશનમાં સામેલ થયું છે જેને ફેડરેશને આવકાર્યું હતું. નવનિયુકત હોદ્દેદારોમાં પ્રમુખ-જયેશકુમાર રાવલ, મહામંત્રી-મહેશસિંહ વાઘેલા, ઉપપ્રમુખ તરીકે હર્ષસિંહ વાઘેલા, મૌલિક પટેલ અને ભારતેન્દુ રાજગોર, સહમંત્રી પદે ડૉ. ધર્મેશ નુકમ, તરંગ અંધારિયા, ભૂમિકા પ્રજાપતિ, સંગઠનમંત્રી તરીકે વત્સલ વોરા, કેતન મેશ્રી, જસવંત શર્મા, ખજાનચી-ભાગ્યેશ પટેલ તથા આંતરિક ઓડિટર તરીકે લાલસિંહ બિહોલાની વરણી કરવામાં આવેલ છે.

# ડભોડામાં બિહોલા રાજપૂત સમાજ ગુજરાતની સાધારણ સભા યોજાઈ

ગાંધીનગર, તા.૨૦

બિહોલા રાજપૂત સમાજ, ગુજરાત રાજયની વાર્ષિક સાધારણ સભા તાજેતરમાં ડભોડા ખાતે દિલિપસિંહ છત્રસિંહ બિહોલાની અધ્યક્ષતામાં યોજાઈ હતી. આ સભાના પ્રારંભે પ્રાર્થના કર્યા બાદ કોરોનામાં અવસાન પામેલા સ્વજનો માટે બે મિનિટનું મૌન પાડી શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે સમાજના આગેવાનો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.


ડભોડા બિહોલા રાજપૂત સમાજના મંચસ્થ મહાનુભાવો દ્વારા દિપ-પ્રાગ્ટય કરી સાધારણ સભાનો પ્રારંભ કર્યો હતો. આ પ્રસંગે મહામંત્રી કરણસિંહ બિહોલાએ વર્ષ ૨૦૨૦-૨૦૨૧ ના વાર્ષિક અહેવાલ તેમજ





હિસાબ વંચાણે લીધા હતા. સમાજના સૌ સભ્યોએ હિસાબને મંજુરી આપી હતી. આ સભામાં ઉપસ્થિત સમાજના આગેવાનોએ સમાજમાં જાગૃતિ આવે તે માટે એક થવા હાંકલ કરી હતી.જયારે પ્રદિપસિંહ બિહોલાએ શિક્ષણ માટે ટકોર કરી હતી. સમાજના પ્રમુખ જીલુસિંહ બિહોલા એ સહુને સંગઠીત થવા અને સમાજની ચાલી રહેલી વિવિધ પ્રવૃતિઓથી વાકેફ કર્યા હતા. ગંભીરસિંહ બિહોલાએ કુરીવાજોને નાબુદ કરવા અપીલ અને વ્યસન મુકત થવા અને કન્યા કેળવણી અંગે સુચન કર્યું હતું. આ પ્રસંગે સમાજના સૌ યુવાનોએ કાર્યક્રમને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવી હતી. આ પ્રસંગે બિહોલા સમાજના આગેવાન વિસાજી બિહોલા, નટવરસિંહ બિહોલા, દિલિપસિંહ બિહોલા, ભીખુસિંહ બિહોલા, શૈલેન્દ્રસિંહ બિહોલા (પાલજ) સહિત બળવંતસિંહ બિહોલા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# જન્મદિને વધામણી



**જતિન એસ શુક્લ**
તંત્રી, પાટનગર ટુડે, ઢળતી સાંજ દૈનિક,
મો. ૯૪૨૭૬ ૧૬૬૦૧



**વિજયભાઈ એ સોલંકી**
મહામંત્રી, ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ
મો. ૯૪૨૭૩ ૧૪૩૭૭



**ભરતસિંહ પુનમજી ઠાકોર**
મો.૭૯૮૪૩ ૩૩૪૮૦



**ભાનુબેન ઠક્કર**
લાયોનેસ કલબ, ગાંધીનગર



**યશ મહેન્દ્રકુમાર ચૌધરી**
મો. ૯૨૬૫૧ ૦૮૭૧૩

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. શર્મા ભગવતીપ્રસાદ હસ્તીમલ, ઉ.વ. ૭૪, અસારવા, અમદાવાદ
- સ્વ. સિરેસિયા રેખાબેન મુકેશભાઈ, ઉ.વ. ૩૪, સે-૨૪, છાપરાં
- સ્વ. ઠાકોર લક્ષ્મીબેન લાલાજી, ઉ.વ. ૪૯, પેથાપુર

# શહેરમાં બાળાઓ દ્વારા ભાવપૂર્વક ગૌરીવ્રત પૂજન

## ગોરમાનો વર કેસરીયો તે નદીએ ન્હાવા જાય રે ગોરમા

ગાંધીનગર, તા.૨૦

અષાઢ સુદ અગિયારસને મંગળવારના દિવસે દેવપોઢી એકાદશી થથા નાની બાળાઓના મોળાવ્રતનો પ્રારંભ થઈ ગયો છે. દેવપોઢી એકાદશી એટલે દેવશયની એકાદશી કહેવાય છે. ભગવાનનો શયન કરવાનો દિવસ તે દિવસથી ચાતુર્માસનો પ્રારંભ થાય છે. ભગવાન ચાર માસ માટે સુઈ જાય અને કારતક સુદ એકાદશી-પ્રબોધિની એકાદશીના દિવસે જાગે છે. અષાઢી એકાદશી એટલે અહમને દાટી દઈ પ્રભુની શકિતથી જ બધું મળ્યું છે, મળે છે અને જે મળ્યુ છે તે તેનું છે એ ભાવના વ્યકત કરવાનો દિવસ ગણાય છે. મંગળવારથી મોળાકત વર્તનો પ્રારંભ થયો છે. બાળાઓએ ઘઉંના જવારા વાવી વહેલી સવારે પૂજન કર્યુ હતું. નાની નાની બાળાઓ નવા વસ્ત્રો, દાગીના પહેરી, શણગાર સજી એક થાળીમાં કંકુ, કેસર, અબીલ, ગુલાલ, સોપારી, કમરકાકડી, નાડાછડી, ફળ, ફુલ, નાગલાં વગેરેથી જવારાનું પૂજન કરવા માટે બ્રાહ્મણ અથવા શિવ મંદિરે પૂજન કરવા પોતાની કાલીઘેલી ભાષામાં ગોરમાનો વર કેસરિયો, ગોરમાનો વર કેસરિયો, આવી પેલી પંથ પૂજારણ, ગોરમાનો વર





કેસરિયો એમ ગીત ગાતી ગાતી સમૂહમાં મળીને જાય છે ત્યારે તે દશ્ય શોભાનું નજરાણું બની જાય છે.

ગૌરીવ્રતના પ્રથમ દિવસે બાળાઓ દ્વારા ઘેરો ઘેરો સાજ શણગાર કરી સાક્ષાત પાર્વતીજીના પ્રતિક સમાન જુવાર હાથમાં ધારણ કરી ગોરમાની પૂજા કરવામાં આવે છે. માતા પાર્વતીજીનું પ્રતિક જવારા છે. અષાઢ મહિનો એટલે વરસાદનો મહિનો અને હરિયાળીનો મહિનો જેના પ્રતિક રૂપે જ વ્રત દરમિયાન જવારાની પૂજા કરવામાં આવ છે. સાત પ્રકારના ધાન્ય ઘઉં, જવ, તલ, મગ, તુવેર ચોળા, અક્ષત વાવીને જવારા ઉગાડવામાં આવે છે. આ જવારા એ સ્વયં માતા પાર્વતીનું પ્રતિક મનાય છે.

**કેમ અર્પણ થાય છે નાગલા?**

રૂની પુણીને કંકુ વડે રંગી તેમાં ગાંઠો વાળીને નાગલા બનાવવામાં આવે છે. આ નાગલા એ શિવજીનું પ્રતિક મનાય છે. શિવજી મૃત્યુંજય તો માતા પાર્વતી મૃત્યુંજયા છે અને આ રીતે જવારાને નાગલા અર્પણ કર્યા બાદ જ બંનેની સંયુકત પૂજાનું શાસ્ત્રોમાં વિધાન છે.

શહેરમાં દરેક સેકટરમાં નાની-નાની બાળાઓએ ગૌરવ્રતની પ્રથમ દિવસની ઉજવણી કરી હતી. ગૌરીવ્રતના પ્રથમ દિવસે બાળાઓમાં ઉમંગ અને ઉત્સાહ જોવા મળ્યો હતો. અલબત્ત કોરોનાકાળ ચાલી રહ્યો છે ત્યારે નિયમોને ધ્યાનમાં રાખીને જ વ્રતની ઉજવણી થાય તે જ ઈચ્છનીય છે. દર વર્ષે ગૌરી વ્રતના પ્રારંભ સમયે વરસાદી માહોલ છવાયલો રહે છે તેમ આ વર્ષે પણ વરસાદી માહોલ હોવાથી બાળાઓમાં ખૂબ હર્ષોલ્લાસ છવાયો છે.